## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

શુદ્ધ અને તટસ્થ ચુકાદા એમને નડે છે,
તેથી જ ન્યાય કોર્ટ સામે પણ જંગે ચડે છે,
ખપે છે એને એવા પોપટો જે બોલે 'સીતારામ' -
સંઘીય સંસદ હવે ન્યાય સામે ય લડે છે...
(ન્યાયાધીશોની નિમણૂંકનો વિવાદ)

હાઈકુ

સરદારની
ઊંચાઈ પાસે દીસે
નેતા ઠીંગુજી...
(વામણું નેતૃત્વ)

પાંજરે કેદ
પોપટિયાં પંચનો
પકડે કાન...
(કોર્ટની ટકોર)

## ચિંતન

**કોકિલાનાં સ્વરોરૂપં સ્ત્રીણાં રૂપ પ્રતિવ્રતમ્ । વિદ્યા રૂપં કુરુપાણાં ક્ષમા રૂપં તપસ્વિનામ્ ॥**

કોયલનું સૌંદર્ય એના કંઠમાં-સ્વરમાં છે, સ્ત્રીનું સૌંદર્ય એના ચારિત્ર્ય-પતિવ્રતામાં છે, અને જે શરીરે બેડોળ-કદરુપ છે એવા લોકોનું સૌંદર્ય એની વિદ્યામાં છે. તપસ્વીઓનું સૌંદર્ય એમની ક્ષમાભાવનામાં સમાયેલું છે.

વ્યક્તિત્વમાં કોઈ પણ આંતરિક ગુણ, શક્તિ સૌંદર્ય હોય તો બહારના દેખાવને ગૌણ બનાવી નાખે છે આ વાત અત્રે સનાતન દ્દષ્ટાંત દ્વારા સમજાવવામાં આવી છે.

કોયલ ખૂબ કાળી છે પણ ઈશ્વરે એને મધુર સ્વર આપ્યો છે તેથી તે સન્માન મેળવી લે છે અને તેનો કાળો રંગ ગૌણ બની જાય છે.

સ્ત્રીનો બાહ્ય દેખાવ રુપ હોય ન હોય પણ ચારિત્ર્ય-પતિપ્રેમ-નિષ્ઠા અને વિનય-વિવેક પાસે કુરુપ ગૌણ બની જાય છે. એવી જ રીતે કદરુપ-બેડોળ વ્યક્તિ પણ વિદ્યાવાન હોય તો 'માનનીય' થઈ જાય છે. તપસ્વી તેના નમ્ર ક્ષમાશીલ સ્વભાવને કારણે વંદનીય બને છે.

## સુવિચાર

- હાથમાંથી જે છટકી ગયું છે એના પર પશ્ચાતાપ ન કરો, જે બાકી બચ્યું છે તેને ભરપૂર માણો - **બર્નાડ શો**
- ગરીબ થવું અને ગરીબ દેખાવું આ બંને ઉન્નતિ ન કરવા માટેનો નિશ્ચિત માર્ગ છે - **સિડની સ્મિથ**
- જેનો પ્રેમ સર્વોત્તમ છે તેની પ્રાર્થના પણ સર્વોત્તમ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિજ્ઞાસા એટલે સત્યનાં મંદિરમાં પ્રવેશવા માટેનો ઉત્તમ ઉંબરો - **ચંદ્રકાન્ત બક્ષી**
- અનુભવ ખરીદવા કરતાં અન્ય વ્યક્તિ પાસે માગી લેવો બહેતર છે - **જ્યોતીન્દ્ર દવે**
- વિતેલા સમયથી જીવનને સમજી શકાય, પરંતુ જીવન તો ભવિષ્ય તરફથી સતત ગતિ છે - **બ્રુનો**
- રાજા થઈને છેલ્લો ડૉલર ભિખારીની જેમ વાપરવા કરતાં ભિખારી થઈને એક ડૉલર પણ રાજાની જેમ વાપરવો સારો - **ઈંગલ સોલ**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

જે વિદ્યાર્થીને ભણવું જ હોય તો ટ્યૂશન-ખુરશી-ટેબલ-લેમ્પ-વાહન-મોબાઈલ-ઘડિયાળ વગેરેની જરુર ન જ રહેતી નથી. અભ્યાસની સાચી 'લગની' ને કોઈ બહાનાં-જરૂરિયાત નડતાં નથી.

એક આચાર્યની આશ્રમશાળામાં એક ગરીબ વિદ્યાર્થી પણ ત્યાં રહી અભ્યાસ કરતો હતો. શિયાળામાં પણ એની પાસે પૂરતાં વસ્ત્રો કેમ પહેરતો નથી?

વિદ્યાર્થી કહે - ગુરુજી હું દીપના તેલ જેટલા જ પૈસા બચાવી શકું છું. વસ્ત્રોની જેમ મને જરુર પડતી નથી પણ શાસ્ત્રોનું વાચન મારે માટે અગત્યનું છે...

ગુરુજીએ કહ્યું - બેટા, તારી તિક્ષ્ણ બુદ્ધિ અને યાદશક્તિનો મને અનુભવછે. હું મારા એક પરિચિત વકીલને કહી તારા માટે 'સિવિલ સર્વિસ'ના અભ્યાસની વ્યવસ્થા કરાવી શકું તેમ છું.

વિદ્યાર્થી કહે, ગુરુજી માટે શાસ્ત્રજ્ઞ થઈ મારી આત્માનું કલ્યાણ અને જગતના જીવોનો ઉદ્ધાર કરવો છે મારે અફસર નથી બનવું. ... અને પ્રતિભાશાળી વિદ્યાર્થી પ્રખર શાસ્ત્રજ્ઞ 'સ્વામી રામતીર્થ' તરીકે વિશ્વસંત થયા.

# કોમર્શિયલ સરોગેસી પર નિયંત્રણ જરૂરી

## તંત્રીસ્થાનેથી....

સુપ્રીમકોર્ટ સમક્ષ સોગંધનામું રજૂ કરીને કેન્દ્ર સરકારે કહ્યું છે કે વિદેશી નાગરિકો ભારતીય મહિલાની કૂખ નહીં ખરીદી શકે. સુપ્રીમ કોર્ટે સરકારને આ મતલબની ઍફિડેવિટ કરવાની સલાહ આપી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે સરકાર જ માનવ ભ્રૂણની આયાત-નિકાસની પરવાનગી આપતી રહી છે. બંધારણ કાયદેસર ન હોય એવા ગર્ભધારણના વ્યાપારી સ્વરુપને મંજૂરી આપતું નથી. છેલ્લાં કેટલાંય વર્ષો દરમિયાન દેશમાં ગર્ભાશય ભાડે આપવાનો ધીકતો ધંધો ચાલુ થઈ ગયો છે. માનવીય સંવેદનાની દ્દષ્ટિએ જોતાં કોઈ સ્ત્રી એના ગર્ભાશયની ખામીને કારણે માતૃત્વ સુખ મેળવી શકે એવી સ્થિતિમાં ન હોય ત્યારે એના સ્ત્રી બીજ ('અંડ') ને એના જ પતિના શુક્ર જંતુઓ દ્વારા ફલિત કરી કોઈ તંદુરસ્ત ગર્ભાશયમાં રોપી એને વિકસાવી શકાય તેવી વૈજ્ઞાનિક સુવિધા આશીર્વાદરુપ જ ગણાય. પરંતુ એનું વ્યાપારીકરણ થાય તે યોગ્ય નથી. આપણા ગરીબ દેશની મહિલાઓને નાની મોટી લાલચ આપીને એમની કૂખ ભાડે લઈ બાળખ મેળવી લેવાનો વ્યવસાય એ હદે ફાલ્યોફૂલ્યો છે કે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરીને વકીલ જયશ્રી વાડે દ્વારા ઉઠાવેલ પ્રશ્ન વિચારણીય બની રહે છે. અરજીમાં કહેવાયું છે કે દેશ 'બેબી ફૅકટરી' બની ગયો છે. સંપન્ન દેશોનાં યુગલો મોટી સંખ્યામાં ભારતીય મહિલાઓની કૂખ ભાડે લઈ સંતાનભૂખ સંતોષી રહ્યા છે. સાચી વાત તો એ છે કે નવ-નવ મહિના સુધી પારકી વેજા પોરાની કૂખમાં ઉછેરીને પોતાના સ્વાસ્થ્ય તેમજ અંગત જીવન અને પરંપરાગત સામાજિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનું કોઈ પણ સ્ત્રીને ભાગ્યે જ ગમતું હોય. પરંતુ આર્થિક વિટંબણાના સમાધાન લેખે એ મજબૂરીથી આવું જોખમ ઉઠાવવા તૈયાર થતી હોય છે. સગર્ભાવસ્થા દરમિયાન આવી સ્ત્રી જાણતી હોય છે કે એની કૂખમાં ઊછરી રહેલું બાળક એનું પોતાનું નથી. તેથી સ્વાભાવિક રીતે જ એ શરમ અને માનસિક તાણ અનુભવે છે. ફક્ત પૈસા ખાતર કરાયેલ આવા કામની મજૂરી લેખે એને થોડા રૂપિયા તો મળે છે, પરંતુ એથી એના સ્વાસ્થ્ય અને સામાજિક મોભાને જે ઘસારો પહોંચે છે, તેની ભરપાઈ થઈ શકે જ નહીં. જો કે જયારે આવી 'સરોગેસી' પોતાનામાં સ્વજનો માટે ઊંડી લાગણીથી પ્રેરાઈને સાકાર બને ત્યારે એ માંગલ્યમયી ઘટના બની રહેતી હોય છે. સગી દીકરી માટે એની જનેતાએ કૂખ ભાડે આપી હોવાનું દ્દષ્ટાંત કેવી ઝણઝણાટી જન્માવે છે! આમ કૂખ ભાડે આપવાના સ્ત્રીના અધિકારને કાયદો અટકાવી શકે નહીં, પરંતુ જો એમાં વ્યાપારીકરણનો સોદો વરતાય તો સરકાર જરુર વચ્ચે આવી શકે. તેથી દેશમાં પોતાનાં દેશવાસીઓ પૂરતો આ કાયદો નડશે નહીં. પરંતુ વિદેશીઓ મારફત ચાલતા લોહીના વેપાર જેવો જ આ કૂખનો વેપાર જરુર નિયંત્રણમાં લઈ શકાશે. વૈજ્ઞાનિક સંશોધન કાર્ય માટે પણ ભ્રૂણની આયાત પર પ્રતિબંધ રહેશે નહીં. જે કંઈ નિયંત્રણ લાદવાની સરકારે મંશા જાહેર કરી છે તે કૂખના વ્યાપારીકરણ વિશેની છે. ભારતીય સંસ્કૃતિમાં માતાનું સ્થાન ઈશ્વરની હરોળમાં હોય ત્યારે એની કૂખને બજારમાં ફેરવી દેવાથી મોટું સ્ત્રી જાતિનું અપમાન બીજું કયું હોઈ શકે?

# કબૂતરોનો વસતી વધારો




માનવો દ્વારા પાલતું બનાવવામાં આવ્યા હોય તેવા પક્ષીઓની યાદીમાં કબૂતરને અગ્ર ક્રમાંકમાં મુકી શકાય. આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં કબૂતરોને પાલતું બનાવવામાં આવ્યા હતા. જે તે સમયે સંદેશા વ્યવહારમાં કે પછી કબૂતરબાજીના શોખ જેવી બાબતોમાં તેમનો ઉપયોગ થતો. પ્રાચીન અને મધ્યકાલીન યુગ દરમિયાન લાખોની સંખ્યામાં કબૂતરોનો ઉછેર કરવામાં આવતો હતો. ૧૭મી સદીમાં યુરોપીયનોની સાથે સાથે તેઓ આફ્રિકા અને અમેરિકામાં આવ્યા.

યુરોપ, એશિયા, ઉત્તરીય અમેરિકા અને આફ્રિકા જેવા ખંડોમાં કબૂતરોની સંખ્યા આજે પ્રત્યેક ૨૦ માણસે એક (૧) જેટલી થવા જાય છે. બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વમાં અનાજ ઉત્પાદનમાં વૃદ્ધિ અને તેના વિતરણ-વપરાશની પદ્ધતિઓમાં આવેલા છૂટછાટોને કારણે કબૂતરોની સંખ્યામાં ખુબ જ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

વર્ષ ૧૯૬૧ દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના બસેર શહેરમાં કબૂતરોની વસતી મોટા પ્રમાણમાં વધી જવાને કારણે તેને કાબુમાં લેવાના પ્રયત્નો હાથ ધરાયા હતાં. સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેને શૂટ કરીને મારી નાંખવા ટુકડીઓ બનાવવામાં આવી હતી. ૧,૦૦, ૦૦૦ જેટલા કબૂતરો મારી નાખવામાં આવ્યા. તેમ છતાં, ૨૦,૦૦૦ જેટલા કબૂતરો બચ્યાં હતા.

સામાન્ય રીતે કબૂતરોના આદર્શ વાસ સ્થાનોમાં દરિયાઈ ખડકો, કરાડો, ગુફા-બખોલોની પસંદગી હોય છે. તેથી જ તેને અંગ્રેજીમાં 'ચેકપીજીયન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પક્ષી ખુબ જ ઝડપથી કોઈ પણ સ્થળ-સ્થિતિને અનુકૂળ થઈ જાય છે. ઊંચા-ઊંચા વિશાળ મકાનો, ગોડાઉનો, મહાલયો, મંદિરો કે બંધિયાર જગ્યાઓ તેમનું આદર્શ આશ્રયસ્થાન બની જાય છે. આ કારણે તેઓનો શહેરોમાં પણ ફાવી ગયું છે.



ખોરાકની બાબતે પણ તેઓ ઝડપથી અનુકૂલન સાંધી લે છે. બગાડરુપે ફેંકી દેવાયેલ કે વેરાઈ ગયેલ અનાજ કે એંઠવાડ વગેરે તેને મળી રહે છે. નિર્દોષ અને ભોળા પક્ષી તરીકેની તેની છાપને કારણે લોકો કબૂતરોને દાણા નાખવાની સેવાભાવી પ્રવૃત્તિ પણ ઠેરઠેર કરતાં જોવા મળે છે. પરિણામે તેને ખોરાકની સમસ્યા નડતી નથી.

દિવસ દરમિયાન ૨૦ થી ૨૫ ગ્રામ ખોરાકની તેની જરૂરિયાત હોય છે. દિવસના થોડા સમયમાં તેને ખોરાક મળી રહે છે. અન્ય પક્ષીઓની જેમ ખોરાકની શોધખોળમાં તેનો સમય બગડતો નથી. આ કારણે તે તેનો વધારાનો સમય સંવનન/પ્રજનનમાં કાઢે છે. તેના વસતી વધારા માટેનું આ પણ એક મુખ્ય કારણ ગણી શકાય.

કબૂતર પોતાના બચ્ચાંઓને મોઢાંમાં અનાજ-લાળ-પાણીનું મિશ્રણ કરીને 'પીજીયન મિલ્ક' જેવું બનાવીને ખવડાવે છે. આ મિલ્કમાં પ્રોટીન અને ચરબી હોઈ તો પૌષ્ટીક હોય છે. કબૂતરના બચ્ચાં આ ખોરાક ખાઈને ૩૪ કલાકમાં બમણાં વજન/કદના થઈ જાય છે. આ રીતે કરોડરજ્જૂ ધરાવતાં બધા જ જીવોમાં કબૂતર ખુબ જ ઝડપથી વૃદ્ધિ પામતો જીવ ગણાય છે.

બેફામ રીતે વધતી જતી કબૂતરોની વસતી માનવ સમાજ માટે પણ વિવિધ પ્રશ્નો ઊભા કરી રહીછે. તેમને રહેઠાણોવાળા ભાગો, મકાનો કે મહાલયો તેની ચરક/હગારથી ગંદા અને ગંધાતા થઈ રહ્યા છે. આવા સ્થળોના દેખાવ, સૌંદર્ય કે રંગરોગાન બગડી રહ્યા છે. ગંદકીને કારણે જીવ-જંતુઓ પેદા થતાં હોઈ તેવા વિસ્તારોમાં રોગ ફેલાવાની સંભાવનાઓ પણ વધી જાય છે.

કબૂતરો માટે પણ તેમની વધતી જતી વસતી વિવિધ સમસ્યાઓ પૈદા કરે છે. ઓછી જગ્યામાં માળાઓની સંખ્યાઓ વધે છે, ખોરાકની હરિફાઈ થાય છે રાતવાસમાં વધુ કબૂતરો રોકાતાં હોઈ તેમના વચ્ચે આક્રમકતા વધી રહી છે. તેમના વચ્ચે રોગના ચેપ તથા પરજીવીઓનો ફેલાવો વધી રહ્યો છે. તેમને અનુકૂળ સામાન્ય કુદરતી પર્યાવરણ પણ તેમને મળતું નથી.

કોઈ એક પક્ષી/પ્રાણીની વસતી પણ જો કોઈ અસંતુલનને કારણે વધી જાય તો નવી-નવી સમસ્યાઓ પૈદા થતી હોય છે. નિર્દોષ લાગતાં કબૂતરોની વસતી પણ ખૂબ જ વધી રહીછે તેનો આપ સહુએ અનુભવ કર્યો જ હશે.

# 'નશા'નું નવું સેન્ટર...!!!




અંશુલ - એક અપકમિંગ બોલીવુડ એક્ટર હતો, ૨૦૦૩મા જયારે એ મુંબઈ આવ્યો ત્યારે એની આંખોમાં હજારો સપના હતા - હીરો બનવાના, ગ્લેમર વર્લ્ડના અને એ ધીરે ધીરે એની મજીલ તરફ આગળ પણ વધી રહ્યો હતો પણ એક નશીલી રાત્રે ચમકદમક વાળી પાટીમાં એને ઓફર થઈ કોકેન ની બસ તે દિવસ અને આજનો દિવસ અંશુલ ધીરે ધીરે કોકીનની લતમાં પડતો ગયો અને ફક્ત ત્રણ જ વર્ષમાં એટલો આદી થઈ ગયો કે ઓલમોસ્ટ મૃત જેવી એની જિંદગી થઈ ગઈ. અંશુલ જેવા અક્કલમંદ અને બીજા હજારો અક્કલમઠ્ઠા દિવસેને દિવસે ડ્રગની લતનો શિકાર બનતા જાય છે. કોકીન, હશીશ, હેરોઈન અને બીજા નશાકારક ડ્રગ્સ ભારતમાં આસાનીથી મળતા અને વેચતા થયા છે અને આ ઈઝીલી અવેલેબલીટીનું મેઈન અને મહત્વનું કોઈ પરીબળ હોય તો એ છે કે ભારત ડ્રગ ટ્રાફિકિંગનું નવું સેન્ટર બનતું જાય છે...!!!

ડ્રગનો કારોબાર અને ડ્રગની હેરાફેરીમાં ખુબ પૈસા છે કેમકે પ્રતિબંધિત ડ્રગ્સના વેચાણની મો-માગી કિમતો દુનિયાભરમાં મળે છે. હથીયારો અને સોના પછીની શ્રેષ્ઠ દાણચોરી એ ડ્રગ્સ ની હેરાફેરી છે, એમાં લખલૂટ પૈસા છે કેમકે ૫-૬ લાખની કિમતના ડ્રગ્સને બજારમાં વેચવા જતા કરોડો રૂપિયા મળે છે.હજુ હમણાં જ પકડાયેલો અન્ડરવર્લ્ડ ડોન છોટા રાજન હોય કે પછી જેને હજુ પકડવો બાકી છે એ દાઉદ હોય આ બધા જ ડોનોની વગર મહેનતની કમાણીમાં સૌથી મોટો હિસ્સો છે ડ્રગના વેચાણ અને હેરાફેરીનો. આફ્રિકન દેશોમાં બનાવાતા આ નશીલા પદાર્થોને આરબ કન્ટ્રી અને એથી પણ આગળ પહોચાડવામાં ભારત મુખ્ખ્યબદ્ધુ બનતું જાય છે. ખુલ્લીફાટક નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકાની બોર્ડરો પરથી એક યા બીજા પ્રકારે ડ્રગની હેરાફેરી વધતી જાય છે. તામિલનાડુની પોલીસ ઓલમોસ્ટ રોજ એકાદ કેરિયરને શ્રીલંકાથી સમુદ્રમાર્ગે કોકીન કે હેરોઈન લઈને ભારતની જમીન પર ઉતરે એ સાથે જ દબોચતા જાય છે. પંજાબની પાકિસ્તાન સાથેની ૫૫૩ કિમી લાંબી બોર્ડરના અનેક છીંડા હશીશ, અફીણ કે રો-હેરોઈનની હેરફેર માટે ગેટવે બનતા જાય છે અને એના પરિણામે એકલા પંજાબના જ ૭૫% જેવા યુવાનો નશાની ઓછી કે વધતી લતે ચડી ગયેલા છે. બોર્ડર સિક્યુરીટી ફોર્સે ગૃહ મંત્રાલયને આપેલા એક રીપોર્ટમાં લખેલા આંકડા વાંચીને તમે ચોકી જશો. રીપોર્ટ મુજબ બોર્ડર પરથી સ્મગલિંગ કરતા પકડાયેલા નશીલા પદાર્થોનું વજન ૨૦૧૧ માં ૬૪કિલો હતું જે ૨૦૧૪માં વધીને ૩૨૬ કિલોએ પહોચી ગયું, મતલબ પંજાબ બોર્ડરે ડ્રગ્સની સ્મગલિંગ કે હેરાફેરીમાં અનેકો ગણો ઉછાળો આવ્યો છે. કારણ સિમ્પલ છે અને એ છે નજીક પડતું પાકિસ્તાન અને અફઘાનિસ્તાન..!!! ભારતમાં આવતો ડ્રગ્સનો મોટાભાગનો જથ્થો અફઘાનિસ્તાનથી આવે છે અને ભારત થઈને એને ચીન અને મધ્ય પૂર્વ એશિયા પહોચાડાય છે. આ ઉપરાંત આફ્રિકન કન્ટ્રીઝ ના કેરિયરો દ્વારા ઠલવાતો જથ્થો તો ખરો જ અને લટકામાં દેશમાં જ પેદા થતા નશીલા પદાર્થો.ઈવન હમણાં જ બરાક ઓબામાં એ નશાના ઉત્પાદક જે ૨૨ દેશોની સૂચી બનાવી એમાં ભારત, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનનું નામ પણ સામેલ કર્યુ છે કે જ્યાં ઉત્પાદન અને વેચાણ ચરમસીમા પર છે.ભારત નશાના કારોબારનું સ્ટોપ ઓવર પોઈન્ટ બની ગયું છે.

અફઘાનિસ્તાન અફીણનું સૌથી મોટું ઉત્પાદક છે અને ભારતના કમનસીબે ત્યાં સરકારો પણ અસ્થિર છે અને અધૂરામાં પૂરું બાજુમાં પાકિસ્તાન છે કે જેને આવા ગોરખધંધાની હેરાફેરી અને અને પ્રોત્સાહનની બહુ જૂની આદત છે. આ ઉપરાંત પાકિસ્તાનના પ્રોક્સી-વોરનું એક ટાર્ગેટ પંજાબ પણ છે. ડી-કમ્પની અને આઈએસની મીલીભગતથી અફઘાનિસ્તાન-પાકિસ્તાનની સયુક્ત જોડી પંજાબમાં ડ્રગ ઘુસાડીને યુવાપેઢીને આ ખતરનાક લતે ચડાવી રહી છે. અફીણ અનેકો ડ્રગ્સનું મેઈન મટીરીયલ છે. ખાલી અફઘાની અફીણમાંથી બનતા ડ્રગ્સનો અંદાજે ૬૦૦૦ કરોડનો કારોબાર વિશ્વભરમાં છે. આયે દિન ભારતમાં નાઈજીરીયન ડ્રગ કેરિયરોની ધરપકડના સમાચારો આવતા રહે છે. આફ્રિકન કન્ટ્રીઝ ડ્રગને કેરિયરો મારફત આખા વિશ્વમાં પહોચાડે છે અને એના માટે અનેકો રસ્તા અપનાવે છે. આંતર્રાષ્ટ્રીય હેરાફેરીમાં વિમાની પેસેન્જરો દ્વારા થતી ડ્રગની હેરાફેરી એકદમ કોમન તરીકો છે ખાસ કરીને કોલમ્બિયા અને મેક્સિકો જેવા ડ્રગ ઉત્પાદક દેશોના એરપોર્ટો પર તો આવા માનવ તસ્કરો રોજ્જે પકડાય છે પણ ભારતમાં પણ હવે આવા માનવ તસ્કરોના કિસ્સા વધતા જાય છે.

મુંબઈ પોલીસે હમણાં જ પોસ્ટ દ્વારા ડ્રગની હેરાફેરીનું એક કૌભાંડ પકડેલું. છે ને નવીન..!!! પોસ્ટના કે કુરિયરના પાર્સલ કે ટપાલો દ્વારા નાની નાની માત્રામાં ડ્રગ્સને દેશના અનેક ખૂણાઓમાં પહોચાડાય છે. માનવ કેરિયરો પેટમાં ડ્રગ્સની કેપ્સૂલો ગળી જઈને હેરાફેરી કરતા પકડાય છે તો આ ઉપરાંત વિદેશ મોકલતા કપડાઓ, લીપ્સ્તીકોથી લઈને અનેકો ચીજોમાં ડ્રગને ઘુસાડીને સ્મ્ગ્લ થાય છે. અને આ વિશ્વમાં થતા સ્મગલિંગની સાથે સાથે હવે ભારતમાં પણ આમ થતું જાય છે અને એને લીધે એક અંદાજીત આંકડા મુજબ ભારતમાં ડ્રગનું સેવન કરતા લોકોની સંખ્યા ૮ કરોડ જેવી છે અને ચિંતાની વાત એ છે કે એમાંથી ૬૦%થી ઉપરના એના હાર્ડકોર બંધાણી બની ગયા છે.ભારતમાં નશીલા ધંધાના મુખ્ય કેન્દ્રોમાં દિલ્હી અને મુંબઈ ટોચ પર છે જયારે સપ્લાયમાં પંજાબ અને કેરલા જયારે નશાના સૌથી વધુ બંધાણી મિઝોરમ, ત્રિપુરા, મણીપુર ગોવા અને પંજાબ જેવા રાજ્યોના લોકો છે. છેલ્લા ચાર વર્ષોમાં અંદાજે ૭૦૦૦૦ લોકોને ડ્રગ તસ્કરીમાં ગિરફતાર કરાયા છે જેમાં થોડા વિદેશી પણ છે જેમાં નેપાળી વધુ છે અને પછીના ક્રમે નાઈજીરિયન અને બર્મીઝ છે.

એક રીપોર્ટ મુજબ ભારતના નશાખોરોમાં ૧૨% લોકો ૧૫ વર્ષથી નીચેના બાળકો પણ નહિ ને યુવાનો પણ નહિ એવા લોકો છે જયારે ૩૧% ૧૬ થી ૨૫ વર્ષ વચ્ચેના છે અને ૫૬% ૨૫ થી ૩૫ વર્ષ વચ્ચેના. ટકાવારી ગમે તે હોય પણ ડ્રગના મુખ્ય અડ્ડા બનતા જતા ભારતની બહુધા યુવાપેઢી એક યા બીજા પ્રકારના ડ્રગના રવાડે ચડતી જાય છે અને એનું કારણ છે ભારતનું ડ્રગ હેરાફેરી અને ઉત્પાદકતાનું કેન્દ્ર બનવું. સુરક્ષા એજન્સીઓ લગાતાર નજર રાખી રહી છે. બોર્ડર પર અને બીજે બધે કેરિયરો પકડાય છે છતાં પણ નશાનો આ કારોબાર બેરેકટોક વધતો જાય છે. નશાના કારોબારમાં એટલો પૈસો છે કે નેતા - કાનુન કે કાયદો પણ આમની પહોચ સામે ટૂંકો પડતો હોય છે. કાનુનમાં ૧૨ વર્ષો સુધીની ગંભીર સજાનું પ્રાવધાન હોવા છતાં અને નારકોટીક્સ ડીપાર્ટમેન્ટના અનેક પ્રયત્નો છતાં પણ અનેકો ગણા પૈસા કમાવાની લાલચમાં લોકો નશાની હેરાફેરીના રવાડે ચડતા જાય છે અને એની બાય-પ્રોડક્ટ રૂપે બંધાણી બનતા જાય છે. આખું વિશ્વ નશા ના અજગરને નાથવા કોશિશ કરી રહ્યું છે ત્યારે આપણા દેશને અને દેશની પ્રજાને ખોખલી કરે એ પહેલા આ ખતરનાક વ્યાપાર પર રોક કે કમાન લગાવવી જરૂરી છે.

- akurjt@gmail.com

# હીટ લીસ્ટ નહિ હેટ લીસ્ટ બનાવીએ

વાચકોની કોલમ

શિર્ષક વાંચીને ચોકી ઉઠ્યા ને? પણ હમણાં સમજાઈ જશે કે હું શું કહેવા માંગુ છું? આજકાલ આપણને અવારનવાર સાંભળવા મળે છે કે ફલાણા નેતાજીનું નામ કે ફલાણા હીરો-હીરોઈનનું કે ઉદ્યોગપતિનું નામ 'હીટ લીસ્ટ'માં આવી ગયું. પણ, આપણે થોડું અલગ કરવાનું છે?

આપણને જીવનમાં દરેક તબક્કે ઘણી બધી એવી વ્યક્તિઓ મળે છે કે આપણને ગમતી નથી. કારમ કે તેઓના અને આપણા વિચારો મળતાં આવતાં નથી. આપણી અપેક્ષા મુજબની તે વ્યક્તિઓ નથી. એવી વ્યક્તિઓ કુટુંબમાં, પાડોશમાં, સમાજમાં કે આપણા શાળા, કૉલેજોમાં કે નોકરી ધંધાની જગ્યાએ પણ મળી રહે છે. દિવસે-દિવસે આવી વ્યક્તિઓ માટે આપણા મનમાં નફરત **(Hate)** વધતી જાય છે. અને આવું લીસ્ટ વધતું જ રહે છે. જેની ખૂબ માઠી અસર આપણા મન પર અને અંતે તન પર પડતાં આપણે જયાં જયાં જઈએ ત્યાંના વાતાવરણ પર પણ પડે છે. તો ચાલો, આ બધાંથી બચવા એક સરળ ઉપાય અજમાવીએ.

એક દિવસ આપણે જેને નફરત કરીએ છીએ એવા લોકોની યાદી (હેટ લીસ્ટ) બનાવવાનું શરું કરીએ. તેમાં ક્રમાંક, નામ અને કારણનું કોલમ બનાવીએ. કદાચ એ યાદી, ૨૦, ૩૦, ૫૦ કે ૧૦૦ કે તેથી પણ વધુ હોઈ શકે. આખી યાદી (કારણ સહિતની) બનાવી દીધી. ફરી એકવાર ક્રમશઃ વાંચવાનું શરુ કરીએ. કારણોમાં શું જણાશે?

(૧) મેં એને કામ સોંપ્યું અને એણે કામ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી.

(૨) મેં સોંપેલું કામ સમયસર ના કર્યુ.

(૩) મને એના ચહેરાથી જ નફરત છે.

(૪) મને એનું વર્તન જ નથી ગમતું.

(૫) હમેશા દરેક જગ્યાએ (દરેક વખતે) મોડા જ પહોંચે છે.

(૬) ઉપરી અધિકારી હોય તો મને કાયમ લડ્યા જ કરે છે, મારા કામની કદર જ કરતા નથી, દરેક કામમાં વાંક જ શોધ્યા કરે છે.

(૭) હાથ નીચે કામ કરતાં કર્મચારી હોય તો મારા કહ્યામાં નથી, કોઈ કામ જ આવડતું નથી. ઓફિસમાં ઉઠવા બેસવાનો ઢંગ નથી. આખો દિવસ બબડાટ કર્યા કરે છે, કોઈ કામ સમયસર કરતાં નથી. વગેરે... વગેરે...

શાળા કૉલેજમાં સિનિયર્સ હેરાન કરે છે તો નફરત જુનિયર્સ કહ્યું ના કરે તો નફરત...!

આમ, **Hate** એટલે કે નફરત માટેના ઘણા કારણો મળી રહે છે. પણ, ફરી ધ્યાનથી જોઈશું અને વિચારીશું તો બધાં કારણો ક્ષુલ્લક લાગશે. જેમ કે (૧) એણે કામ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. તો એ કામ એની ફરજમાં નહોતું આવતું અથવા તો એ કામ એને આવડતું નહોતું કાં તો એ એ કામ એની ક્ષમતા બહારનું હતું એવી વિવિધ ચોકસ કારણો હશે એટલે ના પાડી હશે એમાં શું ખોટું કર્યુ ? જો કે, આ જ પરિસ્થિતિ મારી સામે હોત તો હું પણ આમ જ કરત ને? આવી બાબતમાં નફરત કરાતી હશે? લીસ્ટમાંથી નામ કેન્સલ. (૨) કામ સમયસર ના કરી શક્યા એની પાછળ કોઈ મજબૂરી હશે અથવા કોઈ ચોક્કસ/સબળ કારણ હશે. આવી અમથી બાબતમાં તે નફરત કરવાની હોય? લીસ્ટમાંથી નામ રદ. (૩) માનવીનો ચહેરો એ ભગવાનની દેન છે. એમાં કોઈને ભગવાને ચહેરો જેવો આપ્યો હોય તેમાં એ વ્યક્તિઓનું શું વાંક? આવી વ્યક્તિઓ સાથે નફરત કરવી એ ભગવાન સાથે નફરત કર્યા બરાબર ગણાશે. ચાલો આવા નામો પણ યાદીમાં રદ. (૪) અધિકારીઓ જયારે કોઈ કારણસર વઢે કે ગુસ્સે થાય તો સીધી ને સમજવા જેવી વાત છે કે મહદઅંશે એમને પણ એમના ઉપરી અધિકારીઓ તરફથી તે કામ માટેનું ખૂબ દબાણ હશે અને એ કામગીરી મારા ભાગે આવતી હોઈ/મારે કરવાની હોઈ અને અગત્યની હોઈ મારા પર જ દબાણ આવે ને? અને કયારેક વડીલ તરીકે ગુસ્સો પણ કરે. ઘણી વ્યક્તિઓને/અધિકારીઓને કુટુંબમાં જ એવો માહોલ મળ્યો હોય જેને કારણે એ બધા સાથે આકરી ભાષામાં જે વાત કરે. અથવા તો એવી કોઈ ગ્રંથિ મનમાં બંધાઈ ગઈ હોય કે ઝગડીશું તો જ લોકો સરખી રીતે કામ કરશે. હવે આવી કુટેવને કારણે શું મારે મારો સ્વભાવ બગાડવો કે મારો મૂડ બગાડવો? જિંદગીભર એમની સાથે નફરત કરતાં રહેવાની? આ તો રોજનું થયું કયારેક અધિકારીઓ બદલાઈ જવાના તો કયારેક હું બદલાઈ જઈશ, જયારે સંબંધ તો આજીવન સાચવવા જેવી કિંમતી ચીજ છે. નફરત ઓછી આજીવન રખાય? બસ, આ વિચારને અમલમાં મુકીશું ને કંઈ કેટલાક નામો હેટ લીસ્ટમાંથી એકસામટા નીકળી જશે.

શાળા કૉલેજોમાં સીનીયર્સ તરીકે જુનિયર્સને હેરાન કરવા જઈએ ત્યારે પોતાને સિનિયર્સે હેરાન કર્યા હતા ત્યારે કેટલું દુઃખ થયું 'તું તો શું એ જ વાતનું પુનરાવર્તન હું કરું?' શું મારા જુનિયર્સ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો એમાં શું ખોટું કર્યું? કાશ, એ વખતે મેં એટલી હિંમત દેખાડી હોત. આમ, જુનિયર્સના નામ પણ યાદીમાં રદ. એ જ રીતે જુનિયર તરીકે સિનિયર્સ હેરાન કરવા જાય તો તેમને સમજાવવાનો પ્રયત્ન કરવાનો હોય, ઉપરી અધિકારીઓને ફરિયાદ કરવાની હોય અથવા સામાન્ય મજાક ગણી નકારી દેવાની એવી બાબતમાં આખી જિંદગી નફરત કરીને પોતાની જાતને દુઃખી કરવાનો શૉ અર્થ? ચાલો, આ તમામ નામ પણ હેટ લીસ્ટમાંથી રદ.

ઘરમાં તો આવા ઘણા સંબંધો મળશે જેમ કે, નણંદ, દિયર, દેરાણી, ભાઈ, બહેન, સાસુ, સસરા તેમજ આડોશી-પાડોશીઓ સાથે પણ અવારનવાર નાના-મોટા અણબનાવ બનતા હોય પણ પાડોશમાં સંબંધ બગાડતાં હશે. કારણ, પહેલો સગો તે પાડોશી. અડધી રાત્રે કે અચાનક ગમે ત્યારે કોઈ દુર્ઘટના બને કે કોઈ અણધારી જરુર પડે ત્યારે સગાં પછી પહોંચશે, પણ પહેલાં પાડોશી તરત દોડી આવશે પણ એ કયારે બનશે સંબધ સારા રાખ્યા હશે ત્યારે ને? આથી, આવા નામો તો હેટ લીસ્ટમાં આવી જ ના શકે અને જો આવ્યા હોય તો આવા નામો પણ હેટ લીસ્ટમાંથી રદ. આમ કરતાં કરતાં આ હેટ લીસ્ટ ઘટતાંઘટતાં ધીમે ધીમે શૂન્ય પર પહોંચી જશે.

આ નાની અમથી એકસરસાઈઝ (કસરત) બહુ મોટું, સારું અને અસરકારક પરિણામ લાવશે અને જીવનમાં મોટો બદલાવ લાવશે. એટલું જ નહિ આ બધી વ્યક્તિઓમાં આપણા માટે સકારાત્મક અને સારા વિચારો આવશે. કહે છે ને **"Action"**એવા **"Reaction"**. જરુરથી અજમાવી જોજો.

સાથોસાથ એક બાબત આપણે સૌએ વિચારવાની અને ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કયાંક આપણે કોઈના હેટ લીસ્ટ માં તો નથી આવતા ને?

**- લક્ષ્મી વાધવાની**